જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૯/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૫૦૨ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ બીયરટીન, ૦૨ સ્કૂટર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૫૬૪/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૧/૧૮**

**ક્રાઈમ બ્રાન્ચઃ (૧)** ઉત્કર્ષ પરેશભાઇ રાવલ (રહે.ગ્રીનવુડ એવન્યુ સુમેરુ બંગ્લોઝ સામે રામદેવનગર સેટેલાઇટ) એ તા.૨૫/૦૯/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બજાજ ફાઇનાન્સના નામે મો.નં ૭૮૩૪૮૦૯૮૪૯ પરથી ફોન કરનાર દિપ્તીબેન રાઠોડ નામ આપનાર (૨) મો.નં. ૯૭૧૮૨૩૮૮૬૩ થી વાત કરનાર પ્રતિભાબેન (૩) મો.નં. ૭૫૩૨૯૨૯૪૨૪ થી વાત કરનાર ઇસમ તેમજ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરનાર ધારકોએ મદદગારી કરી લોન પેટેની અલગ અલગ પ્રોસીસીંગ ફી ના બહાને ઉત્કર્ષ રાવલ પાસેથી રૂપિયા ૫૧,૧૪૨/- તેઓના ખાતાઓમાં ભરાવડાવી લોન નહી અપાવી તેમજ ભરેલ નાણા પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**(૨)** વિશાલ સ/ઓ સુનિલ માખીજા (ઉ.વ.૨૦) (રહે. સોરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ) એ તા.૨૫/૦૯/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૭/૧૮ બપોરના ૩/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્ટરનેટના માધ્યમથી આરોપીઓ bright carrier માથી મો.નં 9971609613 પર થી ફોન કરનાર પ્રિયા નામ આપનાર તેમજ જેટ એરવેઝ મુંબઇ ખાતે થી ફોન નંબર ૭૦૪૨૦૪૭૩૧૨ ઉપર થી ફોન કરનાર અભિષેક નામ આપનાર ઇસમ તથા મોબાઇલ નંબર ૭૦૪૨૦૭૪૨૨૫ ઉપર થી વાત કરનાર ગૌરવ શર્મા નાઓએ વિશાલ પાસેથી જુદી જુદી રીતે નોકરી માટે રૂપિયા ૧૬,૦૦૦/- ભરાવી આજદિન સુધી નોકરી માટેનો કોઇ ઓફર લેટર તથા નોકરી માટે ભરાવેલ નાણાં પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**શહેરકોટડાઃ** કાળુસિંહ ગંગાસિંહ  બલ્લા (રહે. સી કોલોની અશોકમીલ સામે નરોડા રોડ) એ તા.૨૫/૯/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૪/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કાલુરામ તારાચંદ ચનાલ (રહે. હરીજનવાસ પુરાના બસ સ્ટેન્ડ પાલી રાજસ્થાન) એ ટીફીન સપ્લાઇ કરવાની કામગીરી આપવાની લાલચ આપી નોટરાઇઝ એગ્રીમેન્ટ બનાવી વિશ્વાસ અપાવી રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- મેળવી લઈ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌહાણ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** દિલીપકુમાર શંભુભાઇ શંખવાલા (રહે.શીતલ પ્લાઝા રો હાઉસ સંદેશ પ્રેસ રોડ બોડકદેવ) એ તા.૨૫/૯/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ ૨૦૧૮ થી તા.૨૩/૦૫/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હીરેનદિપ વાધવા (રહે. ઓરબીટ ગેસ્ટ હાઉસ રોલેક્ષ બેટરીની લાઇન અંજુના બીચ રોડ હોટેલ ઇવોર્ક્ની સામે ગોવા નોર્થ) (એજન્ટ)  અને (૨) ટ્રાવેલ્સ એબોટ કંપનીના માલીક મોહીતકુમાર એ ભેગા મળી અમેરીકા ખાતે જવા આવવા તેમજ રોકાવાના પેકેજ આપવાના બહાને દિલીપકુમાર પાસેથી તથા તેમના સબંધી પાસેથી રૂપિયા ૧૨,૨૯,૦૦૦/- મેળવી લઇ, અમેરીકાથી પરત આવવાની ટીકીટ તેમજ પેકેજ કેન્સલ કરાવી તેમજ સબંધીની ટીકીટ કેન્સલ કરાવી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૨/૧૮**

**વસ્ત્રાપુરઃ** પ્રદીપસિંહ દીલીપસિંહ પરમાર (રહે. ગાયત્રી  એપાર્ટમેન્ટ ઘાટલોડીયા) એ તા.૨૫/૯/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૧૮ રાતના ૨/૦૦ થી તા.૨૪/૦૯/૧૮ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ન્યુ વૈશાલી સોસાયટીમા આવેલ પ્રથમ માળના ડ્રેસીંગ રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મુર્તિ નંગ-૨ અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૮૩/૧૮**

**ઈસનપુરઃ** લલીતાબહેન વા/ઓ પ્રકાશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૨) (રહે.ચંદ્રપ્રભાત સોસાયટી ગેબનશા વટવા રોડ વટવા) તા.૨૧/૦૯/૧૮ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પતિ સાથે મણીનગરથી વટવા જવા માટે શટલ ઓટો રિક્ષામા બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકે ઘોડાસર ચાર રસ્તા નજીક રિક્ષા ઉભી રાખી જણાવેલ કે રિક્ષાનો ક્લચ વાયર તુટી ગયો છે તેમ કહી લલીતાબહેન અને તેમના પતિને થેલો રિક્ષામાં મુકાવી રિક્ષામાંથી ઉતારી દીધા હતા. ત્યારબાદ રિક્ષા ચાલકે રિક્ષા ચાલુ કરી રિક્ષામાં બેઠેલ અન્ય ત્રણ પુરૂષો લલીતાબહેન તેમજ તેમના પતિને રિક્ષામાં નહી બેસાડી લલીતાબહેનનો થેલો લઈ જતા રહ્યા હતા. થેલામાં ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૬,૧૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ લલીતાબહેન પ્રજાપતિએ તા.૨૫/૯/૧૮ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.જલવાણી ચલાવે છે.

**નારણપુરાઃ** વીણાબહેન તે હસમુખલાલ સોમાલાલના વિધવા પત્ની શાહ (ઉ.વ.૬૯) (રહે. ગોકુલ એપાર્ટમેંટ પટેલ ડેરીની બાજુમા પારસનગર ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૮ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે નારણપુરા પારસનગરથી સુદર્શન સોસાયટી સુધી મુસાફરી દરમ્યાન ચાલુ રીક્ષામા રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં પાછળ બેઠેલ સ્ત્રી અને પુરુષે વીણાબહેનની નજર ચુકવી હાથમા પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**ખાડીયાઃ** જતીન નરેન્દ્રભાઇ કંસારા (ઉ.વ.૩૩) (રહે. કંસારવાડની ગલી વોર્ડ નંબર ૨૮ આઝાદ ચોક બાંસવાડા રાજસ્થાન) એ તા.૨૫/૦૯/૧૮ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૯/૧૮ સાજના ૫/૧૫ વાગ્યાના સુમારે ગોળલીમડા બી.આર.ટી.એસ.બસ સ્ટોપ ખાતે બી.આર.ટી.એસ.બસ નંબર-૮ માં નજર ચુકવી જતીન કંસારાના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.